# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/270 Dt. 27/12/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા "Code on Social Security, 2020" અંતર્ગત ESI Compliances ઉપર સેમિનાર યોજાયો

### તા. ૩૧/૧૨/૨૦૨૫ પહેલા ESI કાયદાની SPREE સ્કીમમાં દરેક સંસ્થાઓ જ્યાં ૧૦થી વધુ કર્મચારીઓ કાર્યરત હોય, તે રજિસ્ટ્રેશન મેળવી લે, જેથી પાછળની ESI નાણાં ભરવાની કોઇ જવાબદારી નહીં બનશે: શ્રી દિપક મલિક (Joint Director – ESIC (SRO-Surat)

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૨૩ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૪ કલાકે, સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે "Code on Social Security, 2020 અંતર્ગત ESI Compliances" વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રી દિપક મલિક (Joint Director – ESIC (SRO-Surat) દ્વારા ઉદ્યોગ સાહસિકો અને પ્રોફેશનલ્સને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ સ્વાગત ઉદ્‌બોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ઈએસઆઈ સરકારના સામાજિક સુરક્ષા પોર્ટફોલિયાનો અત્યંત મહત્વનો ભાગ છે. દરેક યુનિયન બજેટમાં સામાજિક સુરક્ષા માટે ફાળવણી કરવામાં આવે છે અને તેમાં ઈએસઆઈનો સમાવેશ થાય છે. સામાજિક સુરક્ષા, સરકાર દ્વારા નીતિગત રીતે સંચાલિત થાય છે અને તેનો અમલ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે. તેમણે વધુમાં કહ્યું હતું

કે, આવા સેશન દ્વારા ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો અને પ્રોફેશનલ્સને બદલાતા કાયદા અને નિયમોની સાચી સમજ મળે છે, જેનાથી ઉદ્યોગો વધુ સુવ્યવસ્થિત રીતે કાર્ય કરી શકે છે.

શ્રી દિપક મલિકે જણાવ્યું હતું કે, તા. ૩૧/૧૨/૨૦૨૫ પહેલા ESI કાયદાની SPREE સ્કીમમાં દરેક સંસ્થાઓ જ્યાં ૧૦થી વધુ કર્મચારીઓ કાર્યરત હોય, તે રજિસ્ટ્રેશન મેળવી લે, જેથી પાછળની ESI નાણાં ભરવાની કોઇ જવાબદારી નહીં બનશે. વધુમાં હોસ્પિટલો અને સ્કૂલ/કોલેજો સોશિયલ સિકયુરિટી કોડ અંતર્ગત ESI કાયદા હેઠળ નોંધણી કરાવી ૨૧૦૦૦ માસિક પગાર મેળવતા દરેક કર્મચારીની નોંધણી કરાવી કમ્પ્લાયન્સ શરૂ કરવા આહવાન કરવામાં આવ્યું હતું.

શ્રી મલિકે વધુમાં જણાવ્યું હતું કે, જે ફેકટરી/સંસ્થાઓ હાલમાં નોન ઇમ્પ્લીમેન્ટેડ વિસ્તારમાં આવેલી છે તેમને કમ્પ્લાયન્સ કરવાની જરૂર નથી. સુરતની ESI મોડેલ હોસ્પિટલ નજીકના ભવિષ્યમાં શરૂ થશે અને ESI મેડિકલ કોલેજ પણ સુરતવાસીઓને મળશે તેની તેમણે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બરની લેબર લો કમિટીના ચેરમેન શ્રી સોહેલ સવાણીએ સેશનનું સંચાલન કર્યું હતું. કમિટીના કો–ચેરમેન શ્રી અશોક મહંતે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. આ સેશનમાં ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓ, એચઆર પ્રોફેશનલ્સ, અકાઉન્ટન્ટ્સ ઉપસ્થિત રહયા હતા.

સેશન અંતે ભાગ લેનાર પ્રતિનિધિઓના પ્રશ્નોત્તરી સત્રમાં વાસ્તવિક કિસ્સાઓ આધારિત ચર્ચા કરવામાં આવી હતી, જેને ઉપસ્થિતોએ ખૂબ જ ઉપયોગી અને માર્ગદર્શક ગણાવી હતી.